નવગુજરાત સમય, પાના નં. ૦૪, તા. ૨૯.૧૦.૨૦૨૪

## મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીના હસ્તે 17મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સનો પ્રારંભ

# અમદાવાદમાં જાહેર પરિવહન સેવામાં BRTS ગેઈમ ચેન્જર, મેટ્રો સર્વિસ લાઈફ લાઈન બની

**હવે દેશમાં પણ PM-ઈ-બસ સેવા PPP મોડેલ પર શરૂ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અર્બન મોબિલિટીમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રીન ફ્યુચરની નેમ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**



**નવગુજરાત સમય > ગાંધીનગર**

ભારતસરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે 2016 પછી ઓક્ટોબર-2024માં બીજીવાર 17મી ત્રિ-દિવસિય 'અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ'નું આયોજન કરાયું છે. ભારત સરકારના આવાસ અને શહેરી વિભાગના સચિવ કે.શ્રીનિવાસે, ગુજરાતના મુખ્ય સચિવ રાજકુમાર અને રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કોન્ફરન્સમાં દેશના વિવિધ રાજ્યોના શહેરી વિકાસ મંત્રાલય અને વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, અર્બન ટ્રાન્સપોર્ટ અને મોબિલિટી ક્ષેત્રે કાર્યરત તજજ્ઞો, સંસ્થાઓના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યાં છે. જેમાં મુખ્યમંત્રીએ એવો સૂર વ્યક્ત કર્યો હતો કે, ગુજરાતે, ક્લીન એન્ડ ગ્રીન અર્બન મોબિલિટી માટે અનેક કદમ ઉઠાવ્યા છે. મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અન્વયે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ઈલેક્ટ્રિક અને CNG બસનો ઉપયોગ વ્યાપક બનાવ્યો છે. હવે દેશમાં પણ PM-ઈ-બસ સેવા PPP મોડેલ પર શરૂ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અર્બન મોબિલિટીમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રીન ફ્યુચરની નેમ રાખી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ જાહેર પરિવહન સેવામાં BRTSનો અભિગમ અમદાવાદમાં અપનાવ્યો, તે ગેઈમ ચેન્જર બન્યો છે. આજે રાજ્યના અન્ય મહાનગરોમાં BRTS ઝડપી અને સલામત પરિવહનનું માધ્યમ બની છે. મેટ્રો સેવા પણ સલામત, સરળ યાતાયાત માટે લાખો લોકોની લાઈફલાઈન બની છે. વડાપ્રધાને 2070 સુધીમાં દેશને નેટ ઝીરો કાર્બન કન્ટ્રી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે ત્યારે વિકસિત ભારત @ 2047નો વડાપ્રધાનનો સંકલ્પ ગ્રીન-ક્લીન, સેઈફ અર્બન મોબિલિટીથી સૌ સાથે મળીને પાર પાડશે. દેશના રાજ્યોએ અર્બન મોબિલિટી સેક્ટરમાં અપનાવેલા વિકાસ મોડલ તથા અન્ય પહેલોના પરસ્પર વૈચારિક આદાન-પ્રદાન માટે આ કોન્ફરન્સ ઉપયોગી બનશે. 2001-02માં રૂપિયા 750 કરોડનું શહેરી વિકાસ બજેટ હતું. તે આજે રૂપિયા 21,700 કરોડને પાર કરી ગયું છે. શહેરી વિકાસ વર્ષ, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સાબરમતી રિવરફ્રન્ટ જેવા વિઝનરી પ્રોજેક્ટ સફળ બન્યા છે.

### આગામી દિવસોમાં વધુ 1768 જેટલી CNG-EV બસો ઉપલબ્ધ કરાવાશે : હર્ષ સંઘવી

વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ અર્બન મોબિલિટી અંગેની રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ અને એક્સપોના આયોજનથી ગુજરાત સહિત દેશભરના રાજ્યોને તેમની 'બેસ્ટ પ્રેક્ટિસ' શેરિંગ કરવાનો લાભ મળશે. ગુજરાતના તમામ વર્ગોના નાગરિકો માટે 1068 CNG અને 382 EV બસો કાર્યરત છે. આગામી સમયમાં વધુ 1768 જેટલી CNG-EV બસો ઉપલબ્ધ કરાવાશે. રાજ્ય પરિવહન વ્યવસ્થામાં IT, AI, ડિજિટલ ટેકનોલોજી, સ્માર્ટ કાર્ડ, ડેટા એનાલિસીસનો મહત્તમ ઉપયોગ કરીને નાગરિકોને સલામત અને સુરક્ષિત પરિવહન સુવિધા આપવામાં આવી રહી છે. અમદાવાદ મેટ્રોમાં દૈનિક એક લાખ જ્યારે ગાંધીનગર મેટ્રોનો અંદાજે 30,000 મુસાફરો લાભ લઈ રહ્યા છે. અમદાવાદમાં BRTS - મેટ્રો વગેરેમાં મુસાફરી કરતા મુસાફરોને એન્ડ ટુ એન્ડ કનેક્ટિવિટીની સુવિધા આપવાની શરૂઆત કરવામાં આવી છે. ભારતમાં સૌપ્રથમ ભવિષ્યમાં બુલેટ ટ્રેન ગુજરાતમાં શરૂ થવાની છે.

### 70 ટકા GDP માત્ર શહેરી વિસ્તારમાંથી આવે છે : મુખ્ય સચિવ

મુખ્ય સચિવ રાજકુમારે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ભારત સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતો દેશ છે. દર વર્ષે લાખો લોકો ગામડામાંથી શહેરો તરફ પ્રયાણ કરે છે. જેના પરિણામે શહેરોમાં વસવાટ કરતા નાગરિકોની સંખ્યામાં વધારો થયો છે. દેશની 70 ટકા જેટલો GDP માત્ર શહેરી વિસ્તારમાંથી આવે છે. શહેરી વિસ્તારોમાં વધતી વસ્તીના કારણે પ્રદૂષણ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ જેવા અનેક પ્રશ્નો ઉદભવ્યા છે ત્યારે, પ્રદૂષણને અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રેલ, બસ, ટ્રેન, મેટ્રો જેવી વિવિધ પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

### શહેરી પરિવહન સુવિધા અંગે 3 દિવસના સેમિનારમાં 15,000 પ્રતિનિધિઓ ભાગ લેશે

ભારત સરકારના આવાસ અને શહેરી વિભાગના સચિવ કે.શ્રીનિવાસે જણાવ્યું હતું કે, શહેરી પરિવહનની સમસ્યાના નિરાકરણોના 'સ્ટાન્ડર્ડાઈઝેશન અને ઓપ્ટિમાઈઝેશન'- વિષય પર આ કોન્ફરન્સનું આયોજન કરાયું છે. શહેરી પરિવહનની સુવિધાઓને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવાના હેતુસર ત્રણ દિવસમાં વિવિધ સેમિનાર યોજાશે. જેમાં દેશ-વિદેશના અંદાજે 15,000થી વધુ પ્રતિનિધિ, કેન્દ્ર અને રાજ્યના સિનિયર અધિકારીઓ, નિષ્ણાતો અને કંપનીઓ ભાગ લેશે.

### કોન્ફરન્સમાં ક્યા મહાનુભાવો ઉપસ્થતિ રહ્યાં ?

ગુજરાતના શહેરી ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમાર, ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સંયુક્ત સચિવ જયદીપ, ગુજરાત મેટ્રોના મેનેજિંગ ડાયરેક્ટર એસ.એસ.રાઠોર, મ્યુનિસિપલ કમિશનરો, શહેરી વિભાગના અધિકારીઓ, દેશના રાજ્યોમાંથી આવેલા ડેલીગેટ્સ અને વિવિધ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા.